## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



ના, અમારા બાબા ડોક્ટર ચિઠ્ઠીમાં દાવા લખી આપે એ બનાવીને કમાય છે... ઓલા બાબા તો ખાલી કાગળ વાંચીને પુરૂ કરી દે છે...!!!

# સે-૧૩-એમાં બે મકાનનાં તાળા તુટ્યા





ગાંધીનગર, તા.પ

ગાંધીનગર શહેરના સેકટર-૧૩ એ માં રહેણાંક વિસ્તારમાં એક સાથે બે મકાનના તાળા તુટ્યા ચકચાર મચી જવા પામી છે. પાડોશી અને બેંક અધિકારીના મકાનમાંથી સોના-ચાંદીના દાગીના તેમજ રોકડની ચોરી થવા પામી છે.જયારે સેકટર-૧૩ માં ચોરીની જાણ થતા સ્થાનિક વસાહતીઓમાં ભય ફેલાયો છે. મળતી વિગત મુજબ ગતરોજ તા.૪-૫-૨૨ ના રોજ બપોરના ચાર વાગ્યાના અરસામાં શહેરના સેકટર-૧૩ એ પ્લોટ નં.૭૨૯-૨ ખાતે બેંકમાં નોકરી કરતા સુભાષચંદ્ર નયનવાયા તેમજ પ્લોટ નં.૭૩૦ માં રહેતા વિજય ગોવિંદ પટ્ટણીના ઘરના તાળા તુટ્તા ચકચાર મચી જવા પામી છે. મકાનમાંથી સોના ચાંદીના

### લાખોની ચોરીની આશંકા બેંક અધિકારીના ઘરમાં તસ્કરોનો હાથફેરો

દાગીના અને રોકડ ચોરી થઈ હોવાની આશંકા છે. જો કે બેંક અધિકારી બહાર હોવાથી કેટલા રૂપીયાની ચોરી થઈ તે હજી જાણી શકાયું નથી. ચોર શખ્સોએ દરવાજાનો નકુચો તેમજ લાકડાના મુખ્ય દરવાજાની આખી ફ્રેમ કાપીને ઘરમાં પ્રવેશી તિજોરીમાં રહેલા સામાન વેર-વિખેર કરી સોના-ચાંદીની ચીજવસ્તુઓ ચોરી કરી લઈ ગયા છે. પાડોશીઓએ પોલીસને જાણ કરતા પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી.જયારે બેંક અધિકારી સુભાષચંદ્ર નયનવાયા હરીયાણા હોવાથી છેલ્લા ચાર દિવસથી તેમનુ મકાન બંધ હાલતમાં છે. જયારે બાજુમાં વિજય દંતાણી સામાજીક કામઅર્થે બહાર ગયા હતા. પરંતુ તેમને જાણ કરતા તેઓ તાત્કાલીક પરત આવી ગયા હતા.ઘરમાં તપાસ કરતા સોનાની ચીજવસ્તુઓ ચોર શખ્સોને હાથ ન લાગતા તે બચી ગઈ હતી.જયારે અન્ય કોઈ ચીજવસ્તુઓ ચોર શખ્સો લઈ ગયા ન હતા. જયારે સ્થાનિક આગેવાનો વિનોદકુમાર ઉદેચા, ડાહ્યાભાઈ પરમાર, જગદીશભાઈ પરમાર, મેહુલભાઈ પરમાર સહિતના ને સાથે રાખી ને પોલીસ સ્ટાફ દ્વારા સ્થળ નિરીક્ષણ કરી વધુ તપાસ હાથ ધરી છે. હાલ ચોરી અંગે કોઈ ફરીયાદ નોંધાઈ ન હોવાનું જાણવા મળ્યું છે.

## ઈન્ફોસીટી-ડભોડા વિસ્તારમાં ચોરીના ચાર ગુનાને અંજામ આપનાર ત્રણ ઝડપાયા



ગાંધીનગર, તા.પ

ગાંધીનગરના ઈન્ફોસીટી - ડભોડા પોલીસ મથક વિસ્તારમાં મંદિર અને કેબલ ચોરીના ગુનાને અંજામ આપનાર ત્રણ શખ્સોને એલસીબી પોલીસે દબોચી લઈ રૂ.૧.૧૭ લાખનો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.

ગાંધીનગર એલસીબી પીઆઈ ડી.બી.વાળાના માર્ગદર્શન હેઠળ વિવિધ ટીમો બનાવી બાતમીદારોને સક્રિય કરી પેટ્રોલીંગ વધારી મિલકત સંબંધી ગુનાનો ભેદ ઉકેલવા માટે પોલીસ જવાનો કાર્યરત હતા. તે સમયે પોલીસને બાતમી મળી હતી કે ઈન્ફોસીટી અને ડભોડા વિસ્તારમાં ચોરીના ગુનાને અંજામ આપનાર વલાદ ગામે દરવાજાની અંદર સિંધીની દુકાનની પાછળ આશરો લઈ રહ્યા છે. જેથી પોલીસે સ્થળ પર જઈ રાહુલ ઉર્ફે ભોપો શંભુભાઈ દંતાણી (હાલ રહે.વલાદ ગામમાં દરવાજાની અંદર સિંધીની દુકાનના પાછળ મુળ રહે ઓરણ ગામ વાઘરી વાસ તા.પ્રાંતિજ) લાલાભાઈ ઉર્ફે ભોલો કિર્તિભાઈ ઠાકોર (રહે. પાણીની નવી ટાંકી સામે નવા કોબા, મુળ રહે કડી), તેમજ ધીરજ ઉર્ફે ધર્મેન્દ્રભાઈ અજમલભાઈ મકવાણા (રહે, મકાન નં.૧૨૪, ઈન્દીરાનગર છાપરા મસ્જીદની સામે સેકટર-૨૪) ને આબાદ રીતે ઝડપી પાડવામાં આવ્યા હતા. બાદમાં આ શખ્સોની પુછપરછ કરતા ડભોડા પોલીસ મથકની હદમાં મંદિરમાં ચોરી, તેમજ ઈન્ફોસીટી મથકની હદમાં એક ઘરફોડ, મોબાઈળ ચોરી તેમજ કેબલ ચોરીના ગુના આચર્યા હોવાની કબુલાત કરી હતી.પોલીસે તેમની પાસેથી રૂ.૧૦,૫૦૦ ની કિંમતના ત્રણ મોબાઈલ ફોન, રૂ.૭૫ હજારના બે બાઈક, ૨૦ હજારના એમ્પ્લિફાયર, ૨૨ હજારના ૫૦૦ ના લોખંડના સળીયા તેમજ કેબલ વાયરો મળીને કુલ રૂ.૧.૧૭ લાખનો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.

### એલઆરડી ઉમેદવારોની ખાલી જગ્યા ભરવા માંગ

# એલઆરડી ભરતીમાં કોમન ઉમેદવારોના પગલે ખાલી પડતી બેઠકો ભરવા ઉગ્ર માંગણી

ગાંધીનગર, તા.પ

વર્ષ-૨૦૨૨ એલઆરડી પોલીસ ભરતીમાં કોમન ઉમેદવારોના લીધે ખાલી પડેલી બેઠેકો તાત્કાલીક અસરથી ભરવાની માંગ સાથે ઉમેદવારો સત્યાગ્રહ છાવણી ખાતે ઉમટી પડ્યા હતા.ઉમેદવારોએ ધરણા યોજી સુત્રોચ્ચાર કરી સરકાર સમક્ષ ખાલી પડેલી જગ્યાઓ ઝડપી ભરવા માટે માંગ કરી હતી.

ગુજરાત રાજય વર્ષ ૨૦૨૨માં જીપીએસસી-જીએસએસબી પોલીસ ભરતી બોર્ડ વગેરે સવર્ગની મોટાપાયે ભરતીના કારણે કોમન ઉમેદવારોનો પ્રશ્ન ઉદભવ્યો છે. ત્યારે ગાંધીનગર છાવણી ખાતે વહેલી સવારથી રાજયભરમાંથી ઉમેદવારો આવી પહોંચ્યા હતા.

ઉમેદવારોએ જણાવ્યું હતુ કે હાલમાં પોલીસ સવર્ગની લોક રક્ષક ભરતી બોર્ડ દ્વારા આયોજીત જાહેરાત ક્રમાક એલઆરબી-૨૦૨૧-૨૨-૨ ની ભરતી પ્રક્રિયા ચાલુ છે. પ્રક્રિયા દરમિયાન ઘણા કોમન ઉમેદવારો કે જેમની હાલમાં અન્ય સવર્ગની ભરતીમાં નોકરી ચાલુ હોઈ અથવા અન્ય સંવર્ગમાં પસંદગી થઈ હોવાને કારણે મેડીકલ અને બોન્ડની પ્રક્રિયામાં ગેરહાજર રહેવાની સંભાવના છે. જેને પગલે ઉપરોકત ભરતીમાં ઘણી બેઠકો ખાલી રહેવાની શકયતા છે. વર્ષ ૨૦૨૨માં ગુજરાત ખાતે સિનિયર કલાર્કની ભરતી થઈ હતી. જેમાં ૧૩૮૨ ઉમેદવારોની જગ્યા હતી. આ ભરતીમાં જે ઉમેદવારો નોકરી કરવા માંગતા ન હોય તેવા ઉમેદવારો માટે ઓપીટી આઉટ સિસ્ટમ લાવાવમાં આવી હતી. જેમાં ઓફલાઈન પ્રક્રિયામાં રૂબરૂ બોલાવી નોકરી કરવા ન માંગતા ઉમેદવારો પાસે નિવેદન લઈ હક જતો કરવાની શરતે અન્ય ઉમેદવારો મેરીટ લીસ્ટથી સામાન્ય તફાવતના કારણે પાછળ રહી ગયા હતા. તેવા ૩૦૦ થી વધુ ઉમેદવારોને ખાલી પડેલી જગ્યામાં ભરતી કરવામાં આવી હતી. ત્યારે એલઆરડી ઉમેદવારોની પણ રજુઆત છે કે સિનિયર કલાર્કની ભરતી ઉપરોકત પ્રક્રિયા મારફતે સામાન્ય તફાવતના કારણે ભરતીથી વંચિત રહી ગયેલા ઉમેદવારોને મોકો આપી ખાલી જગ્યા ભરી છે. તો હાલમાં ઉપરોકત પોલીસ ભરતી બોર્ડની ભરતી પ્રક્રિયામાં મેડીકલ અને બોન્ડની પ્રક્રિયામાં ગેરહાજર રહેલા ઉમેદવારોના સ્થાને બીજા લાયક ઉમેદવારોને મોકો આપી જગ્યા પુરી ભરવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

## ગાંધીનગરના શાહપુર ગામે મકાનમાંથી રૂ.૬.૩૫ લાખના દાગીનાની ચોરી

ગાંધીનગર, તા.પ

શહેરને અડીને આવેલા શાહપુર ગામના પ્રજાપતિ વાસમાં કોઈ જાણભેદુએ તિજોરીમાંથી સાસુ-વહુના સોના-ચાંદીના દાગીના અને રોકડ મળીને કુલ રૂ.૬.૩૫ લાખની મત્તા ની ચોરી થવા પામી છે.બનાવ અંગે ડભોડા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. મળતી વિગત મુજબ શાહપુર પ્રજાપતિ વાસ ખાતે રહેતા ૫૬ વર્ષિય મીનાબેન ગોરધનભાઈ પ્રજાપતિ ઘરકામ કરી ગુજરાન ચલાવે છે. જેમાં ત્રણ દિકરા પૈકી સૌથી મોટો દિકરો નરેશભાઈ દહેગામ, નાનો દિકરો કલ્પેશ શાહપુર ગામ ફળીયાની બાજુમાં પોતાના પરિવાર સાથે રહે છે. જયારે નાનો દિકરો મિતેશ માતા સાથે રહે છે.સવારના સમયે મીનાબેન ઘઉં દળાવવાના હોવાથી ડબ્બો લઈ ઘઉં લેવા માટે ગયા હતા. ઘરમાં છેલ્લા રૂમમાં રહેલી તિજોરીમાં દરદાગીના મુકેલા હતા. તિજોરીની ચાવીઓ લાકડાવાળા કબાટમાં રાખી હતી. જયારે પુત્રવધુની તિજોરીની ચાવી બીજા રૂમમાં ભરાવેલી હતી. બંને તિજોરી આગળ પડદો ખુલ્લી હાલતમાં જોઈ મીના બેને તિજોરી ચેક કરતા તિજોરીના લોક ખુલ્લા હતા. જયારે બાજુના રૂમમાં આવેલો પાછળનો દરવાજો ખુલ્લો જોઈ તેમને ફાડ પડી હતી. તિજોરી ચેક કરતારૂ.૬.૩૫ લાખના સોના ચાંદીના દાગીના અને રોકડ ચોરી થઈ હોવાની જાણ થઈ હતી. બનાવ અંગે ડભોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

## દહેગામના ગણેશપુરા પાટીયા પાસેથી નાસતો ફરતો આરોપી ઝડપાયો

ગાંધીનગર,તા.પ

અમદાવાદના સાણંદ વિસ્તારમાં મદારી સમાજના શખ્સો બાવાનો વેશ ધારણ કરીને કેટલાક નાગરીકો પાસેથી ધાર્મિક વિધીના નામે પૈસા તેમ કિંમતી સોનાના દાગીના પડાવી લીધાનો ગુનો આચર્યો હતો. ત્યારે આ



ગુનામાં બે આરોપી પકડાઈ ગયા હતા.જયારે એક આરોપી નાસતો ફરતો હતો.તેને ગાંધીનગર એલસીબી પોલીસે દહેગામના ગણેશપુરા પાટીયા પાસેથી દેવનાથ શીવઅજાનાથ મદારી (રહે ગણેશપુરા મદારીનગર તા.દહેગામ. જી.ગાંધીનગર)ને ઝડપી પાડ્યો હતો. દહેગામના ગણેશપુરા પાસે મદારીનગરમાં દેવનાથ રહે છે.જયારે દેવનાથ તેના સાથીદારો સાથે ગાડીમાં જે વ્યકિત પહેરવેશે તેમજ દેખાવે સહજ સ્વભાવના દેખાતા હોય તેઓને નિશાન બનાવતા હતા. ધાર્મિક વાતોમાં લઈ વિશ્વાસ કેળવી ધાર્મિક વિધીના નામે તેમજ હવન કરવાના બહાના હેઠળ તેમજ ઘી અને ભંડારાના નામે પૈસા પડાવી ફરાર થઈ જતા હતા. ત્યારે સાણંદ ખાતે અકબરનાથે બાવાનો વેશ ધારણ કરી એપીએમસી માર્કેટ ખાતે એક વયોવૃધ્ધ વ્યકિતને વાતોમાં લાવી વશમાં કરી તેની પાસેથી સોનાની વીટી તેમજ સોનાનો દોરો લઈ લીધો હતો. સાણંદ પોલીસ મથકે નોંધાયેલા આ ગુનામાં નરેશનાથ અને અકબરનાથ પોલીસના હાથે ઝડપાઈ ગયા હતા.જયારે દેવનાથા છેલ્લા અઢી માસથી નાસતા ફરતા હતા. જેને ગાંધીનગર એલસીબી પોલીસે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



સેક્ટર-૭ અને ૮ માં કમોસમી વરસાદના કારણે પાણી ભરાવાના કારણે થતી મુશ્કેલીઓના નિવારણ માટે તથા અન્ય પ્રશ્નોની રજૂઆતોને ધ્યાનમાં લઈ પૂર્વ પ્રમુખ અને નગરસેવક મહેન્દ્રભાઈ પટેલ અને મહામંત્રી જયમીન વૈદ્યે સ્થળની મુલાકાત લીધી હતી.



ગાંધીનગરના ટીંટોડા ગામમાં પરણિત મહિલાઓએ પતિના દીર્ઘ આયુષ્ય માટે વડ વૃક્ષની પૂજા કરી વ્રત કર્યા હતા. આ માટે ટીંટોડા ગામની મહિલાઓએ મા અંબાજી માતાના સાનિધ્યમાં આવેલો વર્ષો જુનો ઘટાદાર વડ છે ત્યાં વટસાવિત્રીની પૂજા કરી હતી.

## શ્રી પી.ડી. પટેલ ઈંગ્લીશ મીડીયમ નવી સ્કૂલનું ઉદ્‌ઘાટન



ગાંધીનગર, તા. ૫

શ્રી પી.ડી. પટેલ ઈંગ્લીશ મીડીયમ પ્રાયમરી સ્કૂલ નવી બનાવવામાં આવી તેનો ઉદ્‌ઘાટન અને પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સ્કૂલના મુખ્યદાતા પ્રમુખભાઈ પટેલ (શ્રી રંગગૃપ) દ્વારા રીબીન કાપવામાં આવી અને કાર્યક્રમમાં આ સંસ્થાના સર્વ બાબુભાઈ પટેલ, ભીખાભાઈ પટેલ, ચીમનભાઈ પટેલ, દિલીપભાઈ પટેલ, ગોવિંદભાઈ વરમોરા અને અન્ય હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમનું સંચાલન ટ્રસ્ટના મંત્રી અશોકભાઈ કે. પટેલ અને સંસ્થાના આચાર્ય બિંદુબેન દ્વારા કરવામાં આવ્યું હતું.

## NFSU-ગાંધીનગર ‘હાઈ-ટેક ગ્રીન’ અને ‘પ્લાસ્ટિક ફ્રી’ કેમ્પસઃ ડૉ. જે.એમ. વ્યાસ



ગાંધીનગર,તા.૦૫

નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી (NFSU) ખાતે ૫મી જૂન, ૨૦૨૩ના રોજ NFSU-NSS યુનિટ સાથે મળીને વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરી હતી. “આઝાદી કા અમૃત મહોત્સવ”ના ભાગરૂપે, NFSU કેમ્પસમાં વિવિધ પ્રકારના ૭૫ રોપાઓનું વાવેતર કરાયું હતું. NFSUના સ્થાપક કુલપતિ, પદ્મશ્રી ડૉ. જે.એમ. વ્યાસે તુલસી અને દાડમના છોડનું વાવેતર કર્યું હતું. તદુપરાંત, સ્કૂલ ઓફ લૉ, ફોરેન્સિક જસ્ટિસ એન્ડ પોલિસી સ્ટડીઝ દ્વારા પણ એક વર્ચ્યૂઅલ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું.

નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી (NFSU)ના સ્થાપક કુલપતિ, પદ્મશ્રી ડૉ. જે.એમ. વ્યાસે આ પ્રસંગે જણાવ્યું હતું કે NFSU-ગાંધીનગરમાં ‘હાઈ-ટેક ગ્રીન કેમ્પસ’ અને વિશ્વ કક્ષાની માળખાકીય સુવિધાઓ છે. છેલ્લા બે વર્ષથી NFSU-ગાંધીનગર કેમ્પસ "પ્લાસ્ટિક ફ્રી" કેમ્પસ બન્યું છે, જે એક અનોખી સિદ્ધિ છે. NFSU કેમ્પસ ખાતે ટૂંક સમયમાં ઔષધીય છોડનું વાવેતર પણ કરાશે, જે વિદ્યાર્થીઓ અને સંશોધકોને તેમના સંશોધન કાર્ય માટે ઉપયોગી થશે. યુનિવર્સિટી બિલ્ડિંગ સોલાર પેનલ્સથી પણ સજ્જ છે, જેનાથી વીજબચત થઈ શકે. ઉપરાંત, યુનિવર્સિટીના અધ્યાપકગણ, કર્મચારીઓ પણ વૃક્ષ બચાવવાના અભિયાન માટે કાગળના ઉપયોગમાં કાળજી રાખી રહ્યા છે. અમે અમારા કેમ્પસની દરેક ઓફિસમાં પણ ઈકો-ફ્રેન્ડલી વાતાવરણનું નિર્માણ થાય તેવા ઉમદા હેતુ સાથે નવી યોજના બનાવી રહ્યા છીએ.

## સંપર્કથી સમર્થન અભિયાન અંતર્ગત શહેર ભાજપ દ્વારા ધાર્મિક અગ્રણીશ્રીઓની મુલાકાત કરવામાં આવી



ગાંધીનગર,તા.૦૫

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળની દેશના વિકાસ અને સુરક્ષાને સુનિશ્ચિત કરતી કેન્દ્ર સરકારના ૯ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે ભાજપા પ્રદેશ અધ્યક્ષ સી. આર. પાટીલના માર્ગદર્શન હેઠળ રાજ્યભરમાં ચાલી રહેલા સંપર્કથી સમર્થન અભિયાન અન્વયે ધારાસભ્ય રીટાબેન પટેલ, શહેર ભાજપ પ્રમુખ ઋચિર ભટ્ટ, મહામંત્રી ધર્મેન્દ્રસિંહ વાઘેલાએ બ્રહ્માકુમારી સંસ્થાના કૈલાશ દીદીની તેમજ સ્વામિનારાયણ મંદિર, સે.૨ ખાતે સંતોની મુલાકાત કરી હતી. આ ઉપરાંત ધારાસભ્ય રીટાબેન પટેલે ગોગા મહારાજ ધામ ઉનાવા ધામ ખાતે સકરાબાપાની મુલાકાત કરી શ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રધાનમંત્રીકાળ દરમિયાન થયેલા કાર્યો અંગે ચર્ચા કરી હતી.



ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરાના મધ્યસ્થ ગ્રંથાલયમાં વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી પુસ્તક પ્રદર્શન દ્વારા નવતર પ્રયોગ હાથ ધરી ઉજવવામાં આવી. આ પ્રદર્શનમાં પર્યાવરણ વિશે ના પુસ્તકો જેવા કે., પર્યાવરણ સાથી, પર્યાવરણ અને પ્રદૂષણ, વગેરે જેવા ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષાના એમ કુલ ૨૫ પુસ્તકો ગોઠવવામાં આવ્યાં હતાં. જેનો લાભ સંકુલના સૌ સેવકમિત્રોએ લીધો હતો. પ્રદર્શનનું આયોજન સંકુલના સંયોજક ડૉ. રાજેન્દ્ર જોશીના માર્ગદર્શન હેઠળ મધ્યસ્થ ગ્રંથાલયના સેવકો જગદીશ પરીખ, મથુરભાઈ નિસરતા, દિશા દવે, કિશન પંચાલ, જતિન સોલંકી, મયુર રાવળ, મહેન્દ્રસિંહ રહેવર દ્વારા કરવામાં આવ્યું હતું.